ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૨૦ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૧૫-૦૫-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૦.૭૫ ● પાના : ૪

## ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ ખાતે આર્ય નિર્માણ શિબિર સંપન્ન

ગત તા. ૨૬ અને ૨૭મી એપ્રિલના રોજ બે દિવસીય આર્ય નિર્માણ શિબિરનું આયોજન ચરોતર પ્રદેશ આર્ય સમાજ, આણંદના એન. કે. સોલંકી હોલમાં મોગર આર્ય સમાજના સક્રિય સહયોગથી કરવામાં આવ્યું હતું. આ શિબિરનું સફળ સંચાલન આર્ય નિર્માત્રી સભા-દિલ્લીના આચાર્ય હનુમંતપ્રસાદજી તથા શ્રી પ્રદીપકુમાર આર્યના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ નિઃશુલ્ક શિબિરમાં આણંદ જીલ્લાના મોગર, અડાસ, નાવલી, કરમસદ, સિંહોલ, સામરખા, આણંદ, ખંભોળજ વગેરે ગામોમાંથી તેમજ ખેડા જીલ્લામાંથી તથા ભરુચ જીલ્લામાંથી લગભગ ૧૦૦ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિરની શરૂઆત વૈદિક યજ્ઞથી કરવામાં આવી હતી. તેમાં બધાં શિબિરાર્થીઓએ આહુતિ પ્રદા કરી હતી. ત્યારબાદ વૈદિક રાષ્ટ્રીય પ્રાર્થનાનું ગાન સૌએ કર્યું હતું. પ્રાર્થના બાદ સંસ્થા વતી વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્યએ દિલ્લીથી પધારેલા શિબિર સંચાલકશ્રીઓનું તથા શિબિરમાં ઉત્સાહભેર ભાગ લેનાર સૌનું સ્વાગત કર્યું હતુ તથા શિબિરની રૂપરેખા રજૂ કરી હતી. શ્રી પ્રદીપકુમાર આર્યએ શિબિરમાં ઉત્સાહવર્ધન હેતુ પ્રેરક ભજન સુમધુર કંઠે ગાયું હતું.

શિબિરના મુખ્ય વક્તા આચાર્ય હનુમંતપ્રસાદજીએ પ્રશ્નોત્તરીના માધ્યમથી જીવ, ઈશ્વર અને પ્રકૃતિ વિષયક વૈદિક સિદ્ધાંતોની દૃષ્ટાંત સહિત સમજ આપી હતી. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ આર્ય સમાજની સ્થાપના કે કરી ? તેના ઉદ્દેશ્યો અંગે ખૂબ જ તાર્કિક વિચારો રજૂ કર્યા હતા તથા વર્તમાનમાં વ્યાપેલા વહેમ, અંધશ્રદ્ધા, કુરીતિ, કુરિવાજો અને કુનીતિઓની ચર્ચા કરી હતી એન શું સત્ય છે ? શું અસત્ય છે ? તેની સ્પષ્ટ ભેદરેખા પારખવા અંગેની સમજણ આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રાચીન ઈતિહાસને વિકૃત રૂપે રજુ કરવામાં આવી રહ્યો છે. એમાં શું સત્ય છે ? તેની વિગતવાર છણાવટ શ્રી હનુમંતપ્રસાદજીએ કરી હતી.

આર્ય નિર્માણ કરવાની જરૂરત આજના સમયમાં કેમ છે ? તેઓ સ્પષ્ટ જવાબ તેમણે આપ્યો હતો. બે દિવસીય આર્ય નિર્માણ શિબિરના અંતે આવેલા શિબિરાર્થીઓમાંથી ૨૦ પરિવારોએ જનોઈ ધારણ કરીને હવન કરીને આર્યત્વની દીક્ષા સંકલ્પ સાથે લીધી હતી. દીક્ષાર્થીઓને સંસ્થા તરફથી સત્યાર્થપ્રકાશ તથા વૈદિક સાહિત્ય સંસ્થાના અંતરંગ સદસ્ય શ્રી કેતનભાઈ પટેલના હસ્તે અર્પણ કરવામાં આવ્યું હતું. બે દિવસીય આર્ય નિર્માણ શિબિરનો આવાસ, ભોજન, દૂધ, નાસ્તા સહિતનો તમામ ખર્ચ સંસ્થાએ ઉઠાવ્યો હતો તથા શિબિરને સફળ બનાવવા માટે સતત બે દિવસ સુધી સંસ્થાન પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘ્લા તથા માનદ્‌મંત્રીશ્રી આર્કિ. અશોકભાઈ પટેલે હાજરી આપી હતી. આર્ય નિર્માણ શિબિર ખૂબ સફળતાપૂર્વક સંપન્ન કરવા બદલ દિલ્લીથી પધારેલા આચાર્યશ્રીનો તથા શ્રી પ્રવિણસિંહ મહિડા-મોગર તથા ચરોતર પ્રદેશ આર્ય સમાજના સૌ પદાધિકારીગણ તથા કાર્યકર્તાઓનો ધન્યવાદ કરવામાં આવ્યો હતો.

શિબિરમાં હાજર સૌએ આવી નિર્માણ શિબિરો ગામડે-ગામડે થાય તો 'કૃણવન્તો વિશ્વમાર્યમ્' નો નાદ ગુંજતો થાય તેવી લાગણી વ્યક્ત કરી હતી.

આવી આર્ય નિર્માણ શિબિર યોજવા માટે મોગરના શ્રી પ્રવિણસિંહ મહીડાનો મો. ૯૯૯૮૦૮૨૨૭૨ ઉપર સંપર્ક કરવા ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## આર્યસમાજ, લખધીરવાસ, મોરબીના નવનિર્મિત ભવનનું દિવ્ય ઉદ્‌ઘાટન



**મોરબી**

આર્યસમાજ, મોરબીના નવનિર્મિત ભવનનો દિવ્ય ઉદ્‌ઘાટન સમારંભ આગામી તા. ૨૫મી મે ના રોજ આર્યસમાજ, લખધીરવાસ, મોરબી ખાતે યોજવામાં આવશે.

આ સમારંભ વૈદિક રીતથી વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડના મેનેજીંગ ટ્રસ્ટી તથા પ્રખર દાર્શનિક વિદ્વાન પૂ. આચાર્ય જ્ઞાનેશ્વરજી તથા પૂ. અજયજી (સોનીપતાના પાવન સાનિધ્યમાં યોજવામાં આવશે.

આ સમારંભની શરૂઆત સવારે ૮ કલાકે ૧૧ કુડિય યજ્ઞ દ્વારા પૂ. અજયજીના બ્રહ્મત્વમાં કરવામાં આવશે. ત્યાર બાદ ૧૦ કલાકે પૂ. આચાર્ય જ્ઞાનેશ્વરજી દ્વારા વૈદિક વિધી થી ભવનનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. અને ત્યાર બાદ આચાર્યજી દ્વારા આશિર્વચન આપવામાં આવશે.

આ પાવન પ્રસંગે મોરબીના કલેક્ટર શ્રી શૈલેષભાઈ રાવલ, પોલીસ અધિક્ષક શ્રી આર.પી. બારોટ (એસ.પી.) શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ (અમદાવાદ) શ્રી વાચોનિધી આર્ય (ગાંધીધામ) શ્રી સુરેશભાઈ ચાવડા (રાજકોટ) શ્રી પોપટભાઈ ચૌહાણ (રાજકોટ) શ્રી કાનજીભાઈ જાનરિયા (મોરબી) ખાસ ઉપસ્થિત રહેશે.

આ ભવ્ય દિવ્ય ઉદ્‌ઘાટન સમારંભમાં હાજર રહેવા આર્યસમાજ, લખધીરવાસ, મોરબીના તમામ પદાધિકારીઓએ હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

## वैदिक वीरांगना दल, जयपुर द्वारा वैदिक हवन प्रशिक्षण शिबिर संपन्न




**जयपुर**

वैदिक वीरांगना दल, जयपुर द्वारा गत् ता. ३० अप्रेल, २०१४ को बी-१२३, मालवीय नगर, जयपुर पर एक वैदिक हवन प्रशिक्षण शिबिर का आयोजन किया गया था। इस कार्यक्रम में लगभग ४० भाई-बहनों ने उत्साहभेर भाग लिया था। इस हवन की विशेषता यह थी कि भाग लेने वाले भाई-बहन वैदिक धर्म से परिचित नहीं थे। कार्यक्रम के प्रारंभ में दल की अध्यक्षा अनामिका शर्मा ने एक भजन (हे ओ३म प्रभु तेरा नाम मुजे अति प्यारा है ) प्रस्तुत किया। यज्ञ प्रशिक्षण श्रीमती दुर्गा मर्मा ने दिया व सभी का आभार व्यक्त किया। कार्यक्रम के पश्चात् सभी भाई-बहनों ने अत्यन्त शांति व प्रसन्नता की अनुभूति को अभिव्यक्त किया। सभी भाई-बहनों को यह जानकर अति प्रसन्नता हुई कि स्वामी दयानन्द के अनुसार यह हवन हम घर पर भी स्वयं करी शकते हैं। यह जानकारी उनके लिए बहुत ही महत्वपूर्ण थी।




વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
**સત્યાર્થ પ્રકાશ**
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

## આર્ષ ગુરુકુલ મહાવિદ્યાલય, આબુપર્વત દ્વારા ૨૪મો વાર્ષિકોત્સવ તથા વેદારંભસંસ્કાર સમારોહ યોજાશે

આર્ષ ગુરુકુલ મહાવિદ્યાલયની શરૂઆત ૨૭મી મે, ૧૯૯૦ રોજ કરવામાં આવી હતી. આ ગુરુકુલની સ્થાપનાનો ઉદ્દેશ દેવવાણી સંસ્કૃત ભાષાના માધ્યમથી વેદ, બ્રહ્મણગ્રંથ, દર્શન, ઉપનિષદ્, નિરૂક્ત તથા વ્યાકરણ જેવા અનેક વિષયોને મહર્ષિ દયાનંદ સરસ્વતીજી દ્વારા નિર્દિષ્ટ શૈલીથી ભણવા-ભણાવવાનો છે. અને આ દિનચર્યાનું પાલન કરાવી બળવાન, સદાચારી, ધર્માત્મા, દેશભક્ત વિદ્વાનોને તૈયાર કરવાનો છે.

પૂ. સ્વામી શ્રી ધર્માનંદજી તથા ગુરુ શ્રી ઓમાનન્દજી સરસ્વતી દ્વારા સ્થાપિત આ આર્ષ ગુરુકુળનો ૨૪ મો વાર્ષિકોત્સવ તથા વેદારંભસંસ્કાર સમારોહ આગામી તા. ૩૧મી મે થી ૨જી જૂન, ૨૦૧૪ સુધી આર્ષ ગુરુકુળ મહાવિદ્યાલય, આબુપર્વત ખાતે યોજવામાં આવશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે વાર્ષિકોત્સવના આ અવસર પર ગુરુકુલમાં નવા બ્રહ્મચારીઓને પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ માટે ઈચ્છુક વિદ્યાર્થીઓએ તા. ૩૧મી મે પહેલાં ગુરુકુલ ખાતે પહોંચી જવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ વાર્ષિકોત્સવના કાર્યક્રમમાં અનેક સંત-મહાત્મા તથા વિદ્વાનો પધારશે.

વાર્ષિકોત્સવના આ કાર્યક્રમની શરૂઆતમાં દરરોજ સવારે ૬ :૩૦ થી ૮ :૦૦ સુધી હવન અને સંધ્યા શ્રી કમલેશકુમાર શાસ્ત્રીજી તથા આચાર્ય બ્ર. ઓમપ્રકાશજીના બ્રહ્મત્વમાં કરવામાં આવશે. ત્યાબ બાદ સવારે ૮: ૩૦ થી ૧૨: ૦૦ કલાક સુધી ભજન અને ઉપદેશનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. બપોરે ૧૨ : ૦૦ થી ૩ : ૦૦ ભોજન અને વિશ્રામ ત્યાબ બાદ ૩ :૦૦ થી ૬:૦૦ ભજન અને વિદ્વાનો દ્વારા ઉપદેશ, સાંજે ૬:૦૦ થી ૭:૦૦ યજ્ઞ તથા સંધ્યા અને રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ ભજનોપદેશ તથા આમંત્રિત વિદ્વાનોના પ્રવચન યોજવામાં આવશે.

આર્ષ ગુરુકુળ મહાવિદ્યાલયના અધ્યક્ષ તથા અધિષ્ઠાતા સ્વામી ધર્માનંદ સરસ્વતીજી દ્વારા હાજર રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ઘેર બેઠા ગુરુકુલમાં લટાર મારો...
www.santodhavramvedicgurukul.com

### વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડ દ્વારા

## અમદાવાદ ખાતે યોજાયેલા પુસ્તક મેળામાં વૈદિક સાહિત્યનો પ્રચાર-પ્રસાર કરાયો



તા. ૧ થી ૭ મે ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે યોજાયેલા પુસ્તક મેળામાં આર્યવન, રોજડ સ્થિત વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા બે સ્ટોલ રાખવામાં આવ્યા હતા. આ સ્ટોલ ઉપરથી સત્યાર્થપ્રકાશ, ઋગ્વેદ ભાષ્યભૂમિકા, વેદ, ઉપનિષદ,સહિત અનેક વૈદિક સાહિત્યનું વેચાણ કરવામાં આવ્યું હતું. જે ઉપરોક્ત તસવીરમાં દ્રષ્ટિગોચર થાય છે.

દશ લક્ષણાનિ ધર્મસ્ય યે વિપ્રા સામધીયતે ।
અધીત્ય ચાનુવર્તન્તે તે યાન્તિ પરમાં ગતિમ્ ॥

मनुस्मृति १३(६३)

ધર્મના દશ લક્ષણોનું જે દ્વિજ અધ્યયન-મનન કરે છે અને ભણીને મનન કરે છે, તેનું પાલન કરે છે તે ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે.

**તંત્રી સ્થાનેથી....**

# લોકશાહીની અગ્નિપરિક્ષા

લોકસભાની ચૂંટણીઓનો છેલ્લો તબક્કો બાકી રહ્યો છે. અને તેમાંય વારાણસીની સીટનો સમાવેશ થતો હોવાને કારણે રાજકીય ગરમી ઉતરતી નથી. વારાણસીની બેઠક પર એન.ડી.એ.ના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ઉમેદવાર છે સામે આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસના ઉમેદવાર અજય રાય છે.

આ અગાઉ જ્યારે અમેઠીમાં ચૂંટણી હતી તે સમયે રાજકીય પક્ષો દ્વારા એક-બીજા સામે લોકશાહીને છાજે તેવા વિધાનો કરી લોકશાહીને લજવી છે. શ્રી નરેન્દ્ર મોદીએ તેમના ભાષણમાં રાજીવ ગાંધીની ટીકા કરી તે રાજવંશથી સહન ન થયું અને કોંગ્રેસના ઉમેદવાર રાહુલ ગાંધી માટે પ્રચાર કરી રહેલી તેની બહેન પ્રિયંકા ગાંધીએ મોદીને 'નીચ' શબ્દનો ઉપયોગ કરીને પડકાર ફેંક્યો હતો. આ ચૂંટણીમાં બંને મુખ્ય પક્ષો દ્વારા જે ભાષાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે ખરેખર શરમજનક છે.

એક બીજા ઉપર અંગત પ્રહારો કરવામાં પણ આ ચૂંટણીમાં કોઈ પક્ષ બાકી રહ્યો નથી. આપણી લોકશાહીમાં ચૂંટણી પંચ દ્વારા અનેક નિયમો બનાવવામાં આવ્યા છે. પરંતુ આ રાજકારણીઓ આ નિયમોની સતત અવગણના કરીને પોતાનું ધાર્યું જ કરી રહ્યા છે આ બાબત લોકશાહી માટે સારી ન કહેવાય. જો કે, ચૂંટણી પંચ દ્વારા કોંગ્રેસની તરફેણ કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ પણ ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવી રહ્યો છે. વારાણસીની બેઠક પર ઉમેદવારી કરી રહેલા શ્રી નરેન્દ્ર મોદીને તેમના જ મતવિસ્તારમાં રેલીના આયોજનની મંજૂરી ચૂંટણી પંચે આપી ન હતી. અને સામે રાહૂલ ગાંધીને તે જ સ્થળે રેલીની મંજૂરી આપીને ચૂંટણી પંચે પક્ષપાત કર્યો જ છે.

આમ એકંદરે આ ચૂંટણી અત્યાર સુધીની તમામ ચૂંટણીઓ કરતાં વધુ રસપ્રદ બની છે તે નિર્વિવાદ હકીકત છે.

# બ્રાહ્મણ વાણી રાષ્ટ્રમાં વિષ દૂર કરવા માટે તરસી હોય છે

**आविष्टताघविषा पृदाकूरिव चर्मणा ।**
**सा ब्राह्मणस्य राजन्य ! तृष्टैषा गौरनाद्या ॥**

(અથર્વ.૫-૧૮-૩)

(एषा ब्राह्मणस्य अनाद्या गौः) બ્રાહ્મણની આ અનાશનીય વાણી (तृष्टा) જયારે તરસી હોય છે અર્થાત્ બોલવાની તીવ્ર ઈચ્છાવાળી હોય છે પરંતુ બોલવાનું મળતું નથી, રોકવામાં આવે છે, ત્યારે (सा) તે વાણી (चर्मणा आविष्टिता) ચામડાથી ઢંકાયેલી (पृदाकूः) સર્પિણી (इव) ની જેમ (अघविषा) ભયંકર વિષવાળી બની જાય છે.

જોકે બ્રાહ્મણ-વાણી ઘણી સરળ, દયાળું અને પરોપકારિણી હોય છે, કોઈને નુકશાન પહોંચાડવા ઈચ્છતી નથી પરંતુ જ્યારે તેને રોકવામાં આવે છે, (તરસી રાખવામાં આવે છે) ત્યારે રોકનારા રાજા કે સરકાર માટે તે કેવી બની જાય છે, એ વાત અહીં આ મંત્રમાં કહેવામાં આવી છે. રોકવામાં આવેલ આ બ્રાહ્મણ-વાણી ભયંકર સર્પિણી જેવી બની જાય છે. ઉપરથી તો સર્પિણી સુંદર ચામડાથી ઢંકાયેલી હોય છે, એક નિર્દોષ પ્રાણી દેખાય છે પરંતુ તેના મોંમા ઘાતક વિષ ભરેલું હોય છે. જો તેમાં વિષ ન હોય તો સર્પિણી બધાને ઘણી પ્યારી અને મનોહર ચીજ લાગે. આ રોકવામાં આવેલ બ્રાહ્મણ-વાણી ઘણી સીધી અને ભોળી વસ્તુ દેખાતી હોવા છતાં આવા રાજા અને સરકાર માટે વિષ-પૂર્ણ બની જાય છે. વિષ-પૂર્ણ કેવી રીતે બની જાય છે એ સમજવા જેવી બાબત છે.

રોકવાથી વિષ પેદા થાય જ છે. ન રોકવાયોગ્ય વસ્તુને રોકવાથી પરિણામ સહજપણે આ જ આવતું હોય છે. વાયુને પોતાના રુમમાં આવતો બિલકુલ રોકવાથી વાયુ આપણને કંઈ નહીં કરે, પરંતુ આપણો રુમ ઝેરીલો બની જશે અને આપણી મૃત્યુનું કારણ બનશે. શરીરમાં લોહીની ગતિ રોકવામાં આવે તો શરીર વિષાક્ત બની જશે. ટી.બી.ની બિમારીમાં રોગીનું મૃત્યુ એટલા માટે થાય છે કારણ કે મૂત્ર રોકાઈ જાય છે અને મૂત્ર રોકાઈ જવાથી શરીરમાં વિષ જમા થઈ જાય છે. જો કોઈ મૂર્ખ એવું વિચારે કે મૂત્ર એક પ્રકારનું પાણી જ છે, જો આ શરીરમાં રોકવામાં આવે, બાહર કાઢવામાં ન આવે તો તે પાણી આપણા શરીરને શું બગાડશે ? પરંતુ તેને એ ખબર નથી હોતી કે આનાથી શરીરમાં વિષ ફેલાઈ જશે. ખરેખર વાત તો એ છે કે પવિત્રતા કરનારી વસ્તુઓ હમેશા સ્વતંત્રતાથી વહેવી જોઈએ. તે રોકવાલાયક હોતી નથી. તેને રોકવાથી પવિત્રતા-શુદ્ધતા થવી બંધ થઈ જાય છે, હમેશા બનતું ઝેર બહાર નીકળી શકતું નથી. બ્રાહ્મણ-વાણી પણ એવી જ 'પાવમાની' પવિત્રતા કરનારી વસ્તુ છે. મૂર્ખ કે સ્વાર્થી રાજા આને અહિતકારી સમજી રોકે છે, તે સમજે છે કે આ વાણી ચૂપ થઈ જવાથી ભલું થશે, પરંતુ થાય છે એમ કે રાષ્ટ્રમાં પવિત્રતા થવી બંધ થઈ જાય છે. હવે પાઠકગણ સમજી લેશે કે રોકવાથી બ્રાહ્મણ-વાણી વિષૈલી કેવી બની જાય છે અને આને સર્પિણી ઉપમા શા માટે આપવામાં આવી છે.

## વેદવાણી

**-આચાર્ય અભયદેવ વેદાલંકાર**

સ્વયં બ્રાહ્મણ-વાણીમાં તો કદી પણ વિષ હોતું નથી, તે તો અમૃતથી ભરેલ હોય છે. પરંતુ સામાન્ય જનતામાં જે સ્વાભાવિક બદલો લેવાની ઈચ્છા, ક્રોધ, હિંસા, દ્વેષ આદિ વિષ હોય છે, તેને સામાન્યતઃ સ્વતંત્ર, સ્વાધીન બ્રાહ્મણ-વાણી દ્વારા કાઢવામાં આવે છે. આથી રાષ્ટ્રમાં વિષ જમા થતું નથી. પરંતુ જ્યારે કોઈ મૂર્ખ રાજા આ 'અનાદ્યા' 'પાવમાની' સ્વાધીન બ્રાહ્મણ-વાણીને બાંધી દે છે, રોકી દે છે તો તેનું પરિણામ એ આવે છે કે જનતામાં આવા રાજા વિરુદ્ધ દ્વેષ, ઘૃણા આદિ વિષ જમા થઈ જાય છે. આપણા દેશની અવસ્થાનું ઉદાહરણ લઈ લો. પ્રાયઃ બધા એમ અનુભવ કરતા હતા કે મહાત્મા ગાંધીની વાણી કેટલું બધુ વિષ દૂર કરવાનું કામ કરે છે. સરકારના કેટલાક સમજદાર ઉચ્ચાધિકારી એ પણ વાત સારી રીતે સમજતા હતા કે ગાંધીજીનું બોલવું, રોકવાની અપેક્ષાએ ઘણું સારું છે. આ એટલા માટે જ ખરેખર બ્રાહ્મણ-વાણી પવિત્રકારક વસ્તુ છે. તેનું કામ જ બધા પ્રકારનું વિષ દૂર કરવાનું છે.

આ મંત્રમાં 'तृष्टा' શબ્દ વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે. આનો મૂળ અર્થ 'તીવ્ર ઈચ્છાવાળી વાણી' એમ થાય છે. વાણીની ઈચ્છા તો બોલવાની જ હોય છે. આથી આનો અર્થ આપણે કરીએ કે 'જે બોલવા ઈચ્છે છે પરંતુ બોલવા મળતું નથી' પરંતુ 'તૃષ' ધાતુ એક ખાસ ઈચ્છામાં-પીવાની ઈચ્છામાં-રુઢ થઈ ગયો છે. આ રૂઢ અર્થમાં જો કહીએ તો 'तृष्टा' નેં અર્થ 'તરસી'. બ્રાહ્મણ-વાણી રાષ્ટ્રમાં વિષ દૂર કરવાને માટે તરસી હોય છે. જેમકે - જયારે આપણને તરસ લાગે ત્યારે તેનો મતલબ એ થાય કે શરીરમાં કોઈ એવું વિષ જમા થઈ ગયું છે જેને શરીર પોતાના પ્રસિદ્ધ પવિત્રતા-કારક સાધન (પાણી) દ્વારા કાઢવા ઈચ્છે છે. તે જ રીતે બ્રાહ્મણ-વાણી રાષ્ટ્રમાંથી (રાજા અને પ્રજા બધામાંથી) જયારે વિષ કાઢવાની તીવ્ર ઈચ્છાવાળી બને છે ત્યારે તે બોલવા ઈચ્છે છે, 'તરસી' બને છે. પરંતુ જો ત્યારે રાષ્ટ્રનો મૂર્ખ રાજા (કડવી વાત સાંભળવા ન ઈચ્છતો) તેને બોલવા દેતો નથી, તરસી રાખે છે તો આ દ્વારા રાષ્ટ્ર-શરીરમાં ઘોર વિષ જમા થઈ ન જાય તો બીજું શું થાય?

જો કોઈ વ્યક્તિ હવાની સાથે આવનારી ગરમી અને ઠંડીના ડરથી વાયુને આવતો બિલકુલ બંધ કરવાનો પ્રયાસ કરે તો તેનો કોઈ હિતૈષી તેને સમજાવે કે 'જો વાયુ બિલકુલ બંધ કરી દઈશ તો તું થોડીક મિનિટોમાં જ મૃત્યુના શરણે પહોંચી જઈશ. ઠંડી કે ગરમીથી બચવા હવાને બંધ કરવી એટલે વીંછીથી ભાગી સાંપના મોંમા પડવા સમાન છે. ગરમી કે ઠંડીને યથાશક્તિ સહન કરો, પરંતુ વાયુને આવતો બિલકુલ બંધ ન કરો.' આ જ રીતે અહીં 'વેદ' રાજાને તેના હિત માટે આના ભયંકર પરિણામ બતાવી સમજાવે છે.

**સ્વયં બ્રાહ્મણ-વાણીમાં તો કદી પણ વિષ હોતું નથી, તે તો અમૃતથી ભરેલ હોય છે. પરંતુ સામાન્ય જનતામાં જે સ્વાભાવિક બદલો લેવાની ઈચ્છા, ક્રોધ, હિંસા, દ્વેષ આદિ વિષ હોય છે, તેને સામાન્યતઃ સ્વતંત્ર, સ્વાધીન બ્રાહ્મણ-વાણી દ્વારા કાઢવામાં આવે છે. આથી રાષ્ટ્રમાં વિષ જમા થતું નથી.**

## ઉપદેશ કથા

# સફળતા પ્રાપ્ત કરવા શક્તિ અને સમયને યોગ્ય દિશામાં વાળો

એક દિવસ એક શાળામાં શિક્ષકો અને આચાર્ય બેસીને વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસ ગોઠવવાની ચર્ચા કરી રહ્યા હતા. ભૂગોળના શિક્ષકે વિદ્યાર્થીઓને નર્મદા ડેમની મુલાકાતે લઈ જવાનો પ્રસ્તાવ મુક્યો. નર્મદા ડેમ આમ પણ વારંવાર વિવાદોમાં સપડાઈને લોકોમાં બહુ પ્રચલિત થઈ ગયો હતો.

આચાર્યને આ વિચાર ગમી ગયો. તેમણે બીજા જ દિવસે માધ્યમિક શાળામાં તેની જાહેરાત કરાવી દીધી. ૫૦ વિદ્યાર્થીઓના એક સમુહને લઈને બે શિક્ષકોને નર્મદા ડેમના પ્રવાસે જવાની મંજૂરી આપી દીધી.

બધી તૈયારી થઈ ગઈ, અઠવાડિયા બાદ ભૂગોળના અને સંસ્કૃતના શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે બસમાં બેસીને પ્રવાસની શરૂઆત કરી. ચાર કલાકનો રસ્તો કાપ્યા બાદ તેઓ ગુજરાતની જીવાદોરી સમાન આ નર્મદા ડેમ પાસે પહોંચી ગયા.

નર્મદા ડેમ ખાતે બે ઈજનેરોએ વિદ્યાર્થીઓને આવકારીને તેમને ડેમ સાઈટ ઉપર ડેમના બાંધકામની વિગતો સમજાવવા માંડી. એટલામાં જ અચાનક સંસ્કૃતના શિક્ષક ઉભા રહી ગયા.

શિક્ષકનું મન અચાનક જ વિચારોના ચકરાવે ચઢી ગયું. તે ગંભીર મુદ્રામાં એક ખુણામાં બેસી ગયા. ફરતાં ફરતાં એક વિદ્યાર્થીનું ધ્યાન એ શિક્ષક ઉપર પડ્યું. વિદ્યાર્થી પણ અચરજ પામ્યો. હંમેશા આનંદમાં રહેતા, બોલકણા તથા નિખાલસ સ્વભાવના આ શિક્ષક અચાનક કેમ ગંભીર થઈ ગયા. વિદ્યાર્થીને લાગ્યું કે કદાચ તેમની તબિયત બગડી હશે. વિદ્યાર્થી આવું વિચારતો વિચારતો શિક્ષક પાસે પહોંચ્યો. શિક્ષક તો જાણે ધ્યાનાવસ્થ થઈ ગયા હોય તેમ સ્થિર અવસ્થામાં જ બેઠા હતા. વિદ્યાર્થી આવ્યો તેનું પણ તેમને ભાન ન હતું.

વિદ્યાર્થી બોલ્યો - 'ગુરૂજી, શું થયું? તબિયત તો સારી છે ને?' શિક્ષક ઝબક્યા, વિચારોના વંટોળમાંથી બહાર આવ્યા અને બોલ્યા - 'અહો! હું જરા વિચારે ચઢી ગયો હતો.' વિદ્યાર્થી બોલ્યો - 'શું વિચારતા હતા?' શિક્ષકે જવાબ આપ્યો - 'આ બાંધને જોઈને વિચાર આવ્યો કે મનુષ્યએ પોતાની બુદ્ધિના બળે કેવી રીતે પાણીને દરિયામાં વ્યર્થ વહી જતું રોકી દીધું છે. પછી નાની નાની નહેરો બનાવી તેના માધ્યમથી એ પાણીને ગામડાઓ અને નગરો સુધી પહોંચાડવામાં આવે છે. નર્મદાના પાણીથી લાખો લોકોની પીવાના પાણીની અને ખેતીના પાણીની સમસ્યાઓનું સમાધાન થઈ ગયું. કેટલો બધો લાભ થયો. આમ, પાણી વ્યર્થ જતું અટક્યું અને તેનો સદુપયોગ થયો.'

શિક્ષકની વાત સાંભળી વિદ્યાર્થી બોલ્યો - 'ગુરૂજી, આમાં નવું શું છે? આ તો બધા જાણે જ છે ને.' શિક્ષક બોલ્યા - 'બધા માત્ર આટલું જ જાણે છે, પણ આ ઘટનામાંથી એક બીજો બોધ ગ્રહણ કરવાનો છે.'

વિદ્યાર્થી જિજ્ઞાસા સાથે બોલ્યો - 'શું બોધ ગ્રહણ કરવાનો છે ગુરૂજી?' 'જેવી રીતે આ વ્યર્થ જતા પાણીને બાંધ દ્વારા રોકી દેવામાં આવે છે તેમ આપણે પણ આપણી શક્તિને અને સમયને વ્યર્થ જતા રોકવો જોઈએ.'- શિક્ષક બોલ્યા. તેમણે વિદ્યાર્થીને સમજાવતાં કહ્યું કે - 'જેવી રીતે બાંધમાં સંગ્રહિત પાણીનો પ્રવાહ કેનાલોમાં વાળી દેવામાં આવે છે તેમ, શક્તિ અને સમયનો બગાડ અટકાવીને તેને પ્રગતિના માર્ગે વાળી દેવા જોઈએ. જો આપણે આપણી શક્તિ અને સમયને યોગ્ય દિશા આપતા શીખી જઈએ તો તે આપણને સફળતાના ઉચ્ચતર શિખરો સુધી પહોંચાડી શકે છે.'

**બોધ : જો વ્યક્તિ શક્તિ અને સમયને બગાડવાનું બંધ કરે તો તેની પાસે શક્તિ અને સમયનો કોઈ અભાવ નથી, વ્યક્તિને શક્તિ અને સમયને યોગ્ય દિશામાં વાળતા નથી આવડતું તેથી અસફળ થાય છે. આવો આપણે આજે સંકલ્પ લઈએ કે આપણે આપણી શક્તિ અને સમયને વ્યર્થ જતા રોકીને તેને યોગ્ય દિશામાં વાળી જીવનને ઉન્નતિના માર્ગે લઈ જવા પૂર્ણ પુરૂષાર્થ કરીશું.** **- અરવિંદ રાણા**

# જે કાર્ય કરવાથી અંતિમ પરિણામ સુખ પ્રાપ્ત થાય તે કરવું અને જેનાથી દુઃખ, અશાંતિ મળે તેને છોડવાં જોઈએ



જે વ્યક્તિ ઈશ્વર, જીવ, પ્રકૃતિનાં વિષયમાં, પુનર્જન્મ, બંધન-મોક્ષ, કર્મફળનાં વિષયમાં તાર્કિક, વૈજ્ઞાનિક, નિર્ણયાત્મક, દાર્શનિક, પ્રામાણિક રૂપથી જાણે છે તે વ્યક્તિ સ્વતંત્ર, પ્રસન્ન થઈને વિચરણ કરે છે તે વ્યક્તિ સરળતાથી પોતાના જીવનને આદર્શ, શ્રેષ્ઠ, સ્તુત્ય બનાવી શકે છે. તેનાં પર ગમે તે પ્રકારનાં કેટલાંય આરોપો લગાડવામાં આવે તે વિચલિત ન થતાં પોતાનાં માર્ગ પર દૃઢ થઈને આગળ વધે છે. એટલા માટે વ્યક્તિએ ઈશ્વર-જીવ-પ્રકૃતિનાં વિષયમાં જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. જેવી રીતે ઈંટ, પત્થર, સિમેન્ટ, લાકડા વગેરે દ્વારા યોજનાબદ્ધ રૂપથી મકાન બનાવાય છે તેવી જ રીતે સત્વ, રજ, તમ દ્વારા ઈશ્વર આ સૃષ્ટિને બનાવે છે. સૂર્ય, ચંદ્ર, તારા, નદી, પહાડ, વૃક્ષ, વનસ્પતિ, ફળ, ફૂલ, મનુષ્ય, પશુ-પક્ષી, કીટ, પતંગોની રચના જોઈને આપણને ઈશ્વરના અસ્તિત્વની સત્તાની અનુભૂતિ થાય છે. કારણ કે કોઈ પદાર્થ પોતાની મેળે નથી બની શકતો. તેની બનાવનાર, તેનો નિર્માતા ચોક્કસ હોય છે. કેટલાંક લોકો ઈશ્વરનાં સાચા સ્વરૂપને નથી માનતા તે નાસ્તિક છે તેમજ જે ઈશ્વરને સાચાં સ્વરૂપે માને છે પણ તે પ્રમાણને આચરણ નથી કરતાં તે પણ નાસ્તિક છે. હા, વ્યક્તિ જેટલા સમય સુધી સત્કર્મ કરે છે, ઈશ્વરની આજ્ઞાને અનુરૂપ વર્તન કરે છે ત્યાં સુધી આસ્તિક કહેવાય છે. આજકાલ સાંઈબાબા વગેરે દેહધારીઓને લોકો ઈશ્વર માની તેની પૂજા કરે છે, પરંતુ શું વાસ્તવમાં આ બધા ઈશ્વર છે? આમાંથી ઈશ્વર કોણ? એક સિદ્ધાંત પ્રમાણે તેનો નિર્ણય કરી શકાય. સિદ્ધાંત એ છે કે જે સર્વજ્ઞ છે, સર્વવ્યાપક છે તે ઈશ્વર છે. તો આમાંથી કોઈ સર્વજ્ઞ કે સર્વવ્યાપક ન હોવાથી કોઈ ઈશ્વર ન હોય શકે. અદશ્યમાન ઈશ્વર એક જ સર્વજ્ઞ અને સર્વવ્યાપક છે કે જે ચેતન છે સર્વશક્તિમાન છે.

ધાર્મિક પ્રવચનોમાં, સત્સંગોમાં જ્વાથી આપણને એવી વિદ્યા પ્રાપ્ત થાય છે જેનાથી આપણે આપણાં જીવનને શ્રેષ્ઠ બનાવી શકીએ છીએ અને જે સુખની અપેક્ષા છે તે સુખને પ્રાપ્ત કરી શકીએ છીએ. આજે પૂરા સંસારમાં લોકો ધનમાં સુખ માને છે, ઈશ્વરમાં નહીં. ઈશ્વર કરતાં ધનને વધારે મહત્વ આપે છે. આપણે જે કંઈ કાર્ય કરીએ છીએ તે સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ માટે કરીએ છીએ, આમાં કોઈ મતભેદ નથી. કોઈપણ દિશામાં જાઓ દરેક વ્યક્તિ આજ બે ઉદેશ્યને લઈને કાર્ય કરે છે. વર્ષો પહેલાં સમુદ્રમાં તોફાન આવતું તો જહાજ ડુબી જતું પરંતુ આજે વૈજ્ઞાનિક આવિષ્કારોને કારણે ૪૮ કલાક પહેલાં ખબર પડી જાય છે કે તુફાન આવશે તો જહાજ ડૂબતાં બચી જાય છે. જે વ્યક્તિ એ નથી જાણતી કે દુઃખ ક્યાંથી આવે છે તે દુઃખને દૂર નથી કરી શકતી અને સુખ ક્યાંથી આવે છે એ ખબર ન હોય તો સુખ પ્રાપ્ત ન કરી શકે. આજે બાળકથી લઈ વૃદ્ધ સુધી બધાં ટી.વી. જોવે છે. સમાચાર જોવા જોઈએ, પરંતુ બાળકો અને યુવાનવર્ગ ભણવાનું છોડી ટી.વી.ની સામે બેસી જાય; સત્સંગ ન કરે, સેવા ન કરે, સમાજ-દેશ-રાષ્ટ્રનો વિચાર ન કરે અને માત્ર ટી.વી.માં અશ્લીલ ચિત્રો જોઈ જીવનને નષ્ટ કરે તો યોગ્ય નથી. ફુલોની સુગંધથી સુખ મળે અને ભાંગની ગંધથી શિરદર્દ થવા માંડે એ રીતે જે કાર્ય કરવાથી અંતિમ પરિણામ સુખ પ્રાપ્ત થાય તે કરવું અને જેનાથી દુઃખ, અશાંતિ મળે તેને છોડવાં જોઈએ.

આપણે સાચા ઈશ્વરને નથી માનતાં પરિણામ સ્વરૂપ આપણી અંદર જે જ્ઞાન, બળ, આનંદ, ધૈર્ય, વીરતા, કુદરતની સામે ઝઝૂમવાની શક્તિ હોવી જોઈએ તે નથી રહી. પહેલા આપણે ઈન્દ્રિયોના ગુલામ બનીએ છીએ, ત્યાર બાદ વિદેશી, અન્યાયકારીઓના ગુલામ બનીએ છીએ. મહારાણા પ્રતાપ, શિવાજી વગેરેમાં કેવી વીરતા હતી? આજે એ વીરતા, શૌર્ય, દેશ માટે, ધર્મ માટે સમર્પિત થવાની ભાવના નથી રહી. તેનાં સ્થાને જાતિવાદ આવી ગયો. માંસાહાર, દારૂ, આચરણહિનતા, પરસ્પર દ્રોહ આ બધા દૂષણો ઘર કરી ગયા છે.

ઈશ્વર જેવાં હિતૈષી, ભલું કરનાર કોઈ નથી. એવા ઈશ્વરની ઉપાસના આપણે છોડી દીધી અને મન-ઈન્દ્રિયો-શરીરનાં ગુલામ બની રહ્યા છીએ. સત્સંગમાં આવો અને શીખો આ ગુલામીની ઝંઝીરમાંથી કઈ રીતે બહાર નીકળવું? સંતાનોને આદર્શ, ધાર્મિક બનાવો, રાષ્ટ્રને બચાવો. જો ઈન્દ્રિયો સુખ ભોગવીશું તો ક્ષણિક સુખ પ્રાપ્ત થશે. ઈશ્વરનું સુખ ભોગવવાથી, ઈશ્વરીય આનંદની અનુભૂતિ કરી લેવાથી વ્યક્તિ કહે છે કે 'પાના થા સો પા લિયા અબ પાના બાકી નહીં રહા.'

**(સ્વામી સત્યપતિજી પરિવ્રાજકના પ્રવચનોમાંથી સાભાર)**


**અગ્નિપથ**

अस्माकं वीरा उत्तरे भवन्तु

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**શુભેચ્છક વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**



: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com



અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

# સુભાષને લાગ્યું કે ગાંધીજી જેવા વિચક્ષણ રાજનીતિજ્ઞ સમયના પ્રવાહને ઓળખી શકતા નથી



ભારતની સ્વતંત્રતાના વીર નાયક

## સુભાષચંદ્ર બોઝ

-ચૈતન્ય દેસાઈ (૮)

બારડોલીની ઐતિહાસિક લડત ૧૯૨૯ માં સરદાર વલ્લભભાઈ પટેલે જીતી બતાવી અને આ સફળતાથી આખરી સંગ્રામ માટે આખો દેશ થનગની ઉઠ્યો. સુભાષબાબુને પણ આ પ્રયોગે વધુ ઉત્સાહી બનાવ્યા. દેશભરમાં ઠેર-ઠેર બારડોલી ઉભું કરવાના પોકારો ઉઠ્યા. સુભાષ સાબરમતી આશ્રમ દોડી આવ્યા અને નિવૃત્તિ છોડી લડત ઉપાડી લેવા બાપુને વિનંતી કરી. પરંતુ ગાંધીજીના નકારે તેમને નિરાશ કર્યા. મોતીલાલ નહેરુના અધ્યક્ષપદે સર્વપક્ષીય સમિતિએ જ્યારે સાંસ્થાનિક સ્વરાજ્યની માંગણી કરી ત્યારે સુભાષબાબુએ સ્થાનિક સ્વરાજ્યની માગણી સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો. એ ગાળા દરમ્યાન ભારતીય નેતાગણમાં બે વિભાગ પડી ગયાં. મોતીલાલ નહેરુની આગેવાની નીચે પ્રૌઢ રાજકારણીઓ અને સુભાષની આગેવાની નીચે નવયુવાન કાર્યકરો. સુભાષે બુલંદ અવાજે કહ્યું, "માભોમની આઝાદીથી ઓછું કંઈ અમારે જોઈતું નથી. સંપૂર્ણ સ્વરાજ એ જ અમારી મનોકામના છે. ન ખપે અમારે સાયમન કમિશન, ન ખપે મહાસમિતિનું સ્થાનિક સ્વરાજ કે ન ખપે અમારે તમારી ગોળમેજી પરિષદો. હું કાર્યમાં માનું છું, ભાષણોમાં કે કાગળોમાં અટવાઈ પડેલા ઠરાવોમાં નહીં. અમે અમારું લોહી રેડીને પણ સ્વાતંત્ર્ય લઈને જ જંપીશું." સાંસ્થાનિક સ્વરાજ્યનું ધ્યેય યુવાન રાષ્ટ્રવાદીઓને મંજૂર ન હતું. સુભાષબાબુ પ્રજામાં આવેલી જાગૃતિ અને પ્રચંડ ઉત્સાહનો ઉપયોગ કરી સીધી લડતનાં મંડાણ કરવાનો આ યોગ્ય સમય ગણતા હતા, અને લડતનું વાતાવરણ તૈયાર હોવાથી ૧૯૨૮ના મે માસમાં મહારાષ્ટ્ર ખાતે તેમણે તેમના ઉદ્‌બોધનમાં જાગૃત થયેલા ખેડૂતો, મજૂરો અને યુવકોની આગેવાની લઈ લેવા ગાંધીજીને અનુરોધ કર્યો. પાછળથી ઈ.સ. ૧૯૩૦ ના 'યંગ ઈન્ડિયા' માં ગાંધીજીએ કબૂલાત કરી હતી કે સવિનય ભંગની લડત બે વર્ષ પહેલાં ઉપાડી શકાઈ હોત.

૧૯૨૮માં સુભાષબાબુએ કામદાર ચળવળમાં સક્રિય બની જમશેદપુર ટાટા સ્ટીલના કારખાનામાં પડેલી હડતાળનું સમાધાન કરાવ્યું. હડતાળમાં ૧૮ હજાર કામદારો જોડાયા હતા એન તેમના હિતમાં માનપૂર્વક એવું સમાધાન સુભાષની આગેવાનીમાં થયું. રાષ્ટ્રભરમાં ઠેર ઠેર ફૂંકાતા હડતાળના પવન દરમ્યાન લગભગ પાંચ લાખ કામદાર વર્ગને લડતમાં જોડવાની સુભાષની ઈચ્છા પૂર્ણ ન થઈ શકી. એ મસયે સુભાષબાબુ ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ (ઈન્ટુક)ના પ્રમુખ બન્યા.

૧૯૨૮ ની કલકત્તા કોંગ્રેસમાં ગાંધીજીએ મોતીલાલ નહેરૂ કમિટિનો અહેવાલ સ્વીકારવાનો ઠરાવ રજૂ કર્યો. સુભાષબાબુની સાથે જવાહરલાલે પણ તેનો વિરોધ કર્યો. સુભાષબાબુએ 'સંપૂર્ણ સ્વાતંત્ર્ય'નો સમાવેશ કરતો સુધારો રજૂ કરતાં તેજાબી વક્તવ્ય આપ્યું. પ્રજામાં આવેલા પ્રચંડ ઉત્સાહ પર પાણી ફેરવવાની પ્રવૃત્તિ અંગે નારાજગી દર્શાવી. સામ્રાજ્યવાદી સત્તાઓની શસ્ત્ર સ્પર્ધા વચ્ચે આવી રહેલા વિશ્વવિગ્રહ વખતે પૂર્ણ સ્વાતંત્ર્યની માગણી સાથે નિર્ભય ઉભા રહેવું જોઈએ તેવું તેમનું મંતવ્ય હતું. ગાંધીજીના વ્યાપક પ્રભાવને કારણે તેમનો સુધારો ઉડી ગયો. પરંતુ એટલું પુરવાર થયું કે ઉદ્દામ પક્ષ બળવાન બની ચૂક્યો હતો. ગાંધીજીએ સમાધાન સૂચવ્યું કે ૧૯૨૯ ના અંત સુધીમાં બ્રિટિશ સરકાર સાંસ્થાનિયક દરજ્જો નહીં આપે તો પોતે સંપૂર્ણ સ્વાતંત્ર્યની હિમાયત કરશે.

મોતીલાલ નહેરુના અધ્યક્ષસ્થાને મળેલ આ અધિવેશનમાં સુભાષબાબુએ અર્ધલશ્કરી ધોરણે રચાયેલ અને તાલીમ પામેલ કોંગ્રેસ સેવાદળના જનરલ ઓફિસર કમાન્ડિંગતરીકે સંપૂર્ણ લશ્કરી ગણવેશમાં પરેડની સલામી લીધી અને આમ રાષ્ટ્રીય ચળવળ માટે કાર્યકરોમાં લશ્કરી શિસ્તનું નવું તત્વ ઉમેર્યું.

આ બેઠક દરમ્યાન ૧૦ હજાર કામદારોનું સરઘસ સહાનુભૂતિ દર્શાવવા આવ્યું હતું. પણ તેની જાગૃતિની મહાસભા પર અસર ન પડી. દેશભરમાં ઉત્સાહ હતો. તત્પરતા હતી. ત્યારે મહસભા તૈયાર ન હતી. ગાંધીજીને પ્રકાશ દેખાયો નહીં. સુભાષને લાગ્યું કે ગાંધીજી જેવા વિચક્ષણ રાજનીતિજ્ઞ સમયના પ્રવાહને ઓળખી શકતા નથી. પરંતુ ત્યાર પછીના બાર માસમાં ગાંધીજીએ કુશળ નીતિ અપનાવી અને ઉદ્દામ આગેવાનોનો સાથ મેળવ્યો.

ડિસેમ્બર ૧૯૨૯માં લાહોરમાં મળનાર કોંગ્રેસના અધિવેશનના પ્રમુખપદનો કળશ મુત્સદ્દીગીરી વાપરીને જવાહરલાલ પર ઢોળાયો અને ગાંધીજીએ વચન મુજબ પૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ પણ રજૂ કર્યો. સુભાષબાબુએ કામદારો, ખેડૂતો અને યુવાનોનને સંગઠિત કરી સમાન્તર સરકાર રચવા બાબતનો આ ઠરાવમાં સુધારો રજૂ કર્યો. પણ તે ઠીક ઠીક ટપા ટપી પછી ઉડી ગયો અને સુભાષ અને તેના સાથીદારોને નવી કાર્યવાહક સમિતિમાં સ્થાન આપવામાં ન આવ્યું. સુભાષબાબુ અને શ્રીનિવાસ આયંગરે મહાસભા સમિતિમાંથી રાજીનામાં આપ્યાં. શ્રીનિવાસ આયંગરે તો તમામ સ્થાનો પરથી રાજીનામાં આપી નિવૃત્તિ લીધી, પરંતુ સુભાષે આ પરાજયને આત્મશ્રદ્ધાથી પચાવી લીધો. જતું કરવું તેના સ્વભાવમાં હતું, પરંતુ મેદાન છોડવું નહિં. બે-બે વર્ષના અથાક પરિશ્રમથી દેશમા સંપૂર્ણ સ્વતંત્રતાનું વાતાવરણ તૈયાર કરવામાં સિંહફાળો આપનાર સુભાષે આ અવહેલનાને જીરવી લીધી અને બંગાળમાં જઈ લડતને વ્યવસ્થિત કરવા લગાતાર કામ કરવા માંડ્યું. સુભાષે પોતાના સંઘર્ષાત્મક કાર્યક્રમોને આગળ ધપાવવા કોંગ્રેસ ડેમોક્રેટિક પક્ષની રચના કરી. પરંતુ લાહોરથી પાછા ફર્યા બાદ તરત તેમને સખત કેદની સજા ફરમાવવામાં આવી.

વારંવાર અનેક નાના મોટા કારણસર જેલમાં આવ-જા કરતાં સુભાષ અને બીજા સ્વયંસેવકો પર જેલમાં હુમલો થયો, જેમાં સુભાષને ઈજા થઈ. સત્તાવાળાઓને આની જાણ થઈ, પરંતુ સુભાષે ફરિયાદ કરવાની ના પાડી. તેમનું કહેવું હતું કે, "આપણે સિપાઈ છીએ તેથી જોખમ અને જખમ સહેવા જોઈએ. તેમની પાસેથી આપણને ન્યાય નથી જોઈતો, વિજય જોઈએ છે." (ક્રમશઃ)

# ઈશ્વરના ગુણ, કર્મ, સ્વભાવનું નિરંતર ચિંતન કરવું, પરંતુ વચ્ચે કોઈ બીજી વસ્તુ કે વિષયનું સ્મરણ કરવું નહીં, એ 'ધ્યાન' કહેવાય છે

## યોગ સાધનાના આઠ અંગ

આચાર્ય જ્ઞાનેશ્વરાર્ય

મહર્ષિ પતંજલિએ યોગ દર્શનમાં યોગના આઠ અંગો બતાવ્યા છે.

**જેના નામ નીચે મુજબ છે.**

(૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધી

**યોગના આ આઠ પૈકી 'યમ'ના પાંચ વિભાગ છે.**

(૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ.

**યમના પાંચ વિભાગોની વ્યાખ્યાઓ :**

(૧) **અહિંસા :** શરીર, વાણી તથા મનથી સર્વકાળમાં બધા પ્રાણીઓ સાથે વેરભાવ (દ્વેષ) છોડી પ્રેમપૂર્વક વ્યવહાર કરવો, તે 'અહિંસા' છે.

(૨) **સત્ય :** જેવું જોયેલું, સાંભળેલું, વાંચેલું અને અનુમાન કરેલું જ્ઞાન મનમાં હોય, તેવું જ વાણીથી બોલવું અને શરીરથી આચરવું, તે 'સત્ય' છે.

(૩) **અસ્તેય :** કોઈ વસ્તુને તેના માલિકની આજ્ઞા બ્ના, ન તો શરીરથી લેવી, કે ન એને લેવા માટે વાણીથી કહેવું અને ન એને મનમાં લેવાની ઈચ્છા કરવી, તે 'અસ્તેય' કહેવાય છે.

(૪) **બ્રહ્મચર્ય :** મન તથા ઈન્દ્રિયો ઉપર સંયમ કરી વીર્ય વગેરે શારીરિક શક્તિઓની રક્ષા કરવી, વેદાદી શાસ્ત્રોને ભણવા અને ઈશ્વરોપાસના કરવી, એ 'બ્રહ્મચર્ય' છે.

(૫) **અપરિગ્રહ :** હાનિકારક અને અનાવશ્યક વસ્તુઓ તથા વિચારોનો સંગ્રહ ન કરવો, 'અપિગ્રહ' છે.

**યોગનું બીજુ અંગ 'નિયમ' છે, તેના પણ પાંચ વિભાગ છે.**

(૧) શૌચ (૨) સંતોષ (૩) તપ (૪) સ્વાધ્યાય અને (૫) પ્રાણિધાન.

**નિયમના પાંચ વિભાગોની વ્યાખ્યા :**

(૧) **શૌચ (શુદ્ધિ) :** શુદ્ધિ બે પ્રકારની છે.(૧) બાહ્ય અને (૨) આંતરિક. શરીર, કપડાં, વાસણ, સ્થળ, ખાન-પાન અને ધનોપાર્જનને પવિત્ર રાખવાં, તે 'બાહ્ય શુદ્ધિ' છે તથા વિદ્યા, સત્સંગ, સ્વાધ્યાય, સત્ય બોલવું અને ધર્માચરણ દ્વારા મન, બુદ્ધિ વગેરે અંતઃકરણને પવિત્ર કરવા, તે 'આંતરિક શુદ્ધિ' કહેવાય છે.

(૨) **સંતોષ :** પોતાની પાસેના જ્ઞાન, બળ અને સાધનોથી પૂર્ણ પુરુષાર્થ કર્યા પછી જેટલો પણ આનંદ વિદ્યા, બળ અને ધન વગેરે ફળરૂપે પ્રાપ્ત થાય, તેટલામાં સંતુષ્ટ રહેવું, એથી વધારેની ઈચ્છા ન કરવી તે 'સંતોષ' છે.

(૩) **તપ :** ધર્માચરણરૂપ ઉત્તમ કર્તવ્યકર્મોને કરતાં ભૂખ, તરસ, સર્દી-ગરમી, હાનિ-લાભ, માન-અપમાન વગેરે કષ્ટોને પ્રસન્નતાપૂર્વક સહેવા એ 'તપ' કહેવાય છે.

(૪) **સ્વાધ્યાય :** મોક્ષની પ્રાપ્તિ કરાવનારાં વેદાદિ સત્ય શાસ્ત્રોને ભણવાં, ઓમ્ વગેરે પવિત્ર મંત્રોનો જપ કરવો તથા આત્મચિંતન કરવું તે 'સ્વાધ્યાય' છે.

(૫) **ઈશ્વર પ્રણિધાન :** શરીર, બુદ્ધિ, બળ, વિદ્યા, ધન વગેરે બધાં સાધનોને ઈશ્વરે આપ્યા છે, એવું માનીને એમનો મન, વાણી અને શરીરથી ઈશ્વરની પ્રાપ્તિ માટે જ પ્રયોગ કરવો, લૌકિક ઉદ્દેશ્ય-ધન, માન, યશ વગેરેની પ્રાપ્તિ માટે નહીં, એ 'ઈશ્વર પ્રણિધાન' કહેવાય છે. વળી, ઈશ્વર મને જુએ છે, મને સાંભળે છે, જાણે છે, એવી ભાવના પ્રત્યેક કાર્ય કરતી વખતે મનમાં રાખવી, તે પણ 'ઈશ્વર પ્રણિધાન' છે.

**હવે બાકીના છ અંગોની વ્યાખ્યાઓ જોઈએ.**

(૩) **આસન :** ઈશ્વરના ધ્યાન માટે જે સ્થિતિમાં સુખપૂર્વક, સ્થિર બનીને બેસી શકાય, શરીરની તે સ્થિતિનું નામ 'આસન' છે. જેમ કે પદ્માસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન વગેરે.

(૪) **પ્રાણાયામ :** કોઈ એક આસન ઉપર સ્થિરતાપૂર્વક બેસીને મનની ચંચળતાને રોકી, શ્વાસ-પ્રસ્વાસની ગતિને રોકવારૂપ ક્રિયાનું નામ 'પ્રાણાયામ' છે.

(૫) **પ્રત્યાહાર :** મન સ્થિર થાય પછી નેત્ર વગેરે ઈન્દ્રિયોનો પોત-પોતાનાં રૂપ વગેરે વિષયોની સાથે સંબંધ રહેતો નથી, અર્થાત ઈન્દ્રિયો શાંત બનીને પોતાનું કાર્ય બંધ કરી દે છે, આ સ્થિતિનું નામ 'પ્રત્યાહાર' છે.

(૬) **ધારણા :** ઈશ્વરનું ધ્યાન કરવા માટે આંખો બંધ કરી, મસ્તક, ભ્રૂકુટી વચ્ચે, નાક, કંઠ, હૃદય, નાભિ વગેરે કોઈ એક ઠેકાણે મનને સ્થિર કરવું અથવા રોકવું, એનું નામ 'ધારણા' છે.

(૭) **ધ્યાન :** કોઈ એક સ્થાન ઉપર મનને સ્થિર કરવું, તે પછી વેદમંત્ર કે બીજા કોઈ શબ્દોના માધ્યમથી ઈશ્વરને પ્રાપ્ત કરવા-જાણવા-અનુભવવા, ઈશ્વરના ગુણ, કર્મ, સ્વભાવનું નિરંતર ચિંતન કરવું, પરંતુ વચ્ચે કોઈ બીજી વસ્તુ કે વિષયનું સ્મરણ કરવું નહીં, એ 'ધ્યાન' કહેવાય છે.

(૮) **સમાધિ :** 'શબ્દ પ્રમાણ' તથા 'અનુમાન પ્રમાણ' થકી ઈશ્વરના ગુણ, કર્મ, સ્વભાવનું નિરંતર ચિંતન કરવાથી જ્યારે ઈશ્વરનો સાક્ષાત્કાર (પ્રત્યક્ષ) થાય છે એટલે કે ઈશ્વરના આનંદમાં સાધક મગ્ન થઈ જાય છે, તે અવસ્થાને સમાધિ કહે છે.

# જે દેશમાં સ્ત્રીજાતિનું પતન થશે તે રાષ્ટ્ર પણ પતન તરફ જશે

## માતૃ ગૌરવ

-આચાર્ય બ્ર. નંદકિશોર

**यान्यस्माकं सुचरितानि तानि**

**त्वयोपास्यानि नो इतराणि ।**

આ તૈત્તરીય ઉપનિષદનું સુવાક્ય છે.

એનો અભિપ્રાય એવો છે કે માતા-પિતા, આચાર્યે પોતાનાં સંતાનો અને શિષ્યોને સાચો ઉપદેશ કરવો જોઈએ, અને એમ પણ કહેવું જોઈએ કે અમારાં જે જે કામ ધર્મ પ્રમાણેના હોય તેને જ તમારે ગ્રહણ કરવા અને અમારા જે ખરાબ કર્મ હોય તેનો ત્યાગ કરજો. તમે જે જે સત્ય જાણો તેનો પ્રચાર કરો.

કોઈ પાખંડી અને ખરાબ આચરણવાળા મનુષ્ય ઉપર વિશ્વાસ કરશો નહિ. જે જે સારા કર્મો માટે માતા-પિતાએ ધર્મ અને વિદ્યામાં જે જે સારા આચરણના શ્લોક, નિઘંટું નિરુક્ત, અષ્ટાધ્યાયી અથવા અન્ય સૂત્ર અને વેદમંત્રો કંઠસ્થ કરાવ્યા હોય તે બધાને ફરી ફરી વિદ્યાર્થીઓને અર્થ સાથે સમજાવવા. જેમકે 'સત્યાર્થપ્રકાશ' ના પ્રથમ સમુલ્લાસમાં પરમેશ્વરનું વ્યાખ્યાન (વ્યાખ્યા) કરવામાં આવ્યું છે તે પ્રમાણે બરાબર સમજીને ઉપાસના કરવી જોઈએ.

આપણું આરોગ્ય સારું રહે અને બળ વધે તે પ્રમાણે ભોજન અને વ્યવહાર રાખવો. એટલે કે જેટલી ભૂખ હોય તેનાથી સહેજ ઓછું ખાવું જોઈએ. માંસ અને દારુ વગેરેથી દૂર રહેવું જોઈએ. જાણીતું ન હોય એવા જળાશયમાં પ્રવેશ કરવો નહિ. કારણ કે કોઈ જળચર અથવા બીજા કોઈ પદાર્થથી દુઃખ થઈ શકે, અને તરતાં ન આવડતું હોય ડૂબવાનો ભય પણ રહે છે.

'નાવિજ્ઞાને જલાશય' આ મનુ મહારાજનું વચન છે. જાણીતું ન હોય તેવા જલાશય (તળાવ)માં પ્રવેશ કરવો નહિ સ્નાન વગેરે કરવું નહિ.

**माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः ।**

**न शोभते सभामध्ये हंसमध्ये वको यथा ॥**

કોઈ કવિનું આ વચન છે. તે માતા અને પિતા પોતાનાં સંતાનોના શત્રુ છે, જેમણે પોતાના સંતાનોને ભણાવ્યા નથી. તેમનાં સંતાનો વિદ્વાનોની સભામાં શોભારૂપ બની શકતા નથી (તેમનો તિરસ્કાર થાય છે અપમાન થાય છે) હંસોની સભામાં બગલો શોભતો નથી. માતા-પિતાનું કર્તવ્ય કર્મ, પરમધર્મ અને કીર્તિનું કાર્ય છે કે પોતાના સંતાનોને તન, મન, ધનથી વિદ્યા, ધર્મ, સભ્યતા અને ઉત્તમ શિક્ષણ આપે.

વિશેષ - મર્યાદાપુરુષોત્તમ શ્રીરામ, યોગીરાજ શ્રીકૃષ્ણ, ધર્મરાજ યુધિષ્ઠિર, શ્રવણકુમાર, મહારાણા પ્રતાપ, શિવાજી, આદ્ય શંકરાચાર્ય, મહાત્મા બુદ્ધ, મહાવીર સ્વામી, મહર્ષિદયાનંદ, મહાત્મા ગાંધી, શહીદ ભગતસિંહ, પં. રામપ્રસાદ 'બિસ્મિલ' વગેરે ક્રાંતિકારીઓને જન્મ આપનાર, તેમનું નિર્માણ કરનાર, સુશિક્ષિત માતાઓ હતી.

પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે આજે આર્યાવર્તની ભૂમિ ઉપર જન્મ લઈને માતાઓ પશ્ચિમી સભ્યતાની જાળમાં ફસાઈને તેનું અંધ અનુકરણ કરી રહી છે. કૂતરા-બિલાડાને વધુ પડતો પ્યાર, પોતાના સંતાનો ઊપર પૂરતું ધ્યાન ન આપવું, સંતાનોને નોકરોને સોંપી દેવા વગેરે દુર્ગુણો માતાઓમાં ફેલાતા જાય છે.

જે દેશમાં સ્ત્રીજાતિનું પતન થશે તે રાષ્ટ્ર પણ પતન તરફ જશે, જે દેશમાં સ્ત્રી જાતિ ઉચ્ચ અને મહાન બનશે, તે રાષ્ટ્રની ઉન્નતિ થશે. તેથી માતાઓ ! પોતાના ગૌરવ અને સંસ્કૃતિને ઓળખીને ગૌરવશાળી બનો.

**સુવાક્યો**

(१) माता निर्माता भवति ।

સંતાનનું નિર્માણ કરવાને લીધે માતા માતા કહેવાય છે.

(२) नास्ति मातृसमो गुरुः ।

માતા જેવો બીજો કોઈ ગુરુ નથી.

(३) जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।

માતા અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ મહાન છે.

(४) माता गुरुतरा भूमेः ।

માતા પૃથ્વી કરતાં પણ ભારે (મહાન) છે.

(५) मातृवत्परदोरषु ।

પારકી સ્ત્રીને માતા જેવી માનવી જોઈએ.

(६) माता भूमि पुत्रोऽहं पृथिव्याः ॥

ભૂમિ મારી માતા છે, હું તેનો પુત્ર છું.

(७) मात्रा भवतु संमनाः ।

પુત્ર માતાના મનને સંતોષ આપનાર હોવો જોઈએ.

(८) गुरुणां माता गरीयसी ।

ગુરુઓમાં માતાઓનુ સ્થાન ઊંચું છે.

# इन्द्रो विश्वस्य राजति। शं नोऽअस्तु द्विपदे शं चतुष्पदे।।

(यजु. अ.३६/मं.८)

## ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप

३३

સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક

ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ** – हे जगदीश्वर ! जो आप (**इन्द्रः**) बिजली के तुल्य (**विश्वस्य**) संसार के बीच (**राजति**) प्रकाशित हैं उन आपकी कृपा से (**नः**) हमारे (**द्विपदे**) पुत्रादि के लिये (**शम्**) सुख (**अस्तु**) होवे और हमारे (**चतुष्पदे**) गौ आदि के लिये (**शम्**) सुख होवे ! (यजुर्वेदभाष्य)

**भावार्थ** – इस मन्त्र में वाचक लुप्तोपमालंकार है। हे जगदीश्वर ! जिससे आप सर्वत्र सब ओर से अभिव्याप्त मनुष्य, पश्वादि का सुख चाहने वाले हैं इससे सबको उपासना करने योग्य हैं।

(ऋ.दया.कृत यजु.भाष्य अ.३६/मं.८)

**व्याख्यान** – हे इन्द्र ! आप परमैश्वर्ययुक्त सब संसार के राजा हो, सर्वप्रकाशक हो। हे रक्षक ! आप कृपा से (**नः**) हम लोगों के (**द्विपदे**) जो पुत्रादि, उनके लिए (**शं**) परमसुखदायक (**अस्तु**) होवो तथा (**चतुष्पदे**) हस्ती, अश्व और गवादि पशुओं के लिये भी (**शम्**) परमसुखकारक होवो, जिससे हम लोगों को सदा आनन्द ही रहे। (आर्याभिवि.)

**टिप्पणी** :- (१) 'इन्द्र' शब्द का अर्थ यजुर्वेद भाष्य में 'बिजली' किया है जबकि आर्याभिविनय में 'परमैश्वर्ययुक्त ईश्वर' किया है।

(२) ईश्वर को समझने के लिए वेदों में जो उपमाएँ दी जाती हैं वे हीन उपमाएँ कहलाती हैं क्योंकि ईश्वर से कोई भी पदार्थ उत्कृष्ट नहीं है। जबकि लोक में किसी पदार्थ को समझाने के लिए उपमा उसकी दी जाती है जो श्रेष्ठ हो जैसे राम का रंग दूध के समान सफेद है।

(३) जैसे ईश्वर सब प्राणियों का सुख चाहता है वैसे ही मनुष्यों को भी सभी प्राणियों का सुख चाहना चाहिए व उन्हें सुखी करने का प्रयास भी करना चाहिए। इस प्रयास में ईश्वर से सहायता भी मांगनी चाहिए। यह ईश्वराज्ञा है।

(४) ईश्वर सूर्य, चन्द्र, वायु, मन, बुद्धि आदि सभी पदार्थों में अन्तर्यामीरूप से विद्यमान है, इस कारण सभी पदार्थ अपने अपने स्वरूप में विद्यमान हो रहें है।

(५) पुत्रादि सुखी तभी होयेंगे जब माता पिता तन-मन-धन से उन्हें अच्छी शिक्षा, श्रेष्ठ गुण, कर्म, स्वभाव व उत्तम विद्या से युक्त करेंगे। व साथ-साथ इस कार्य में ईश्वर की सहायता की याचना करेंगे।

(६)जैसे राजा प्रजा के स्वास्थ्य, शिक्षा, सुरक्षा आदि की व्यवस्था करता है वैसे ही परमेश्वर सृष्टि के सम्पूर्ण प्राणियों के राजा हैं। उनके स्वास्थ्य, शिक्षा, सुरक्षादि की व्यवस्था करते हैं यथा अनेक प्रकार की औषधियों को उत्पन्न करने वाले हैं व उनके प्रयोग करने का ज्ञान सभी प्राणियों को देने वालें है। और भी अनेक प्रकार का ज्ञान ईश्वर प्राणियों को प्रदान करते हैं।

(७) जो मनुष्य हाथी, घोड़ा, गायादि, पालते हैं उन्हें पता होना चाहिये कि ये किन व्यवहारों से, खान-पान से, परिस्थितियों से प्रसन्न होते हैं तथा इनका प्रयोग करना चाहिये जिससे उन्हें किसी प्रकार का कष्ट न हो।

(ક્રમશઃ)

# પ્રજામાનસ ચમત્કારોથી અંજાવા ટેવાઇ ગયું છે તેથી એમાં ઘેલું બની એ ચમત્કાર પાછળ દોડતું જોવા મળે છે

## શ્રદ્ધેય પં. મયાશંકરજી દર્શનાચાર્ય (ભાગ-૩)

- શ્રી ઈશ્વર પેટલીકર

આ વિદ્વત્તામાં વાત્સલ્ય ભરવાથી એ શિષ્યોના પિતાતુલ્ય ગુરૂ બને તેમાં નવાઇ શી ! સત્યવ્રતજી આજે પણ એમનો એક પ્રસંગ વર્ણવતાં ગળગળા થઇ જાય છે. અંધેરીમાં ગુરૂકુળ હતું ત્યારે એના કંપાઉન્ડના કૂવામાં નાહવા પડતા હતાં. એ રોજનો કાર્યક્રમ હતો અને તરતાં પણ સારૂ આવડતું હતું એટલે નવું પણ ન હતું. પરંતુ નવજુવાનોને કંઇક આંધળિયાં કરવાની ચળ પણ ઉપડી આવે છે. સત્યવ્રતજીએ પવનચક્કી ઉપર ચડીને કૂવામાં ભૂસકો મારવાનો મનસૂબો કર્યો. શંકુ આકારની પવનચક્કીના નીચેના ભાગની પહોળાઇ તથા કૂવાની સંકડાશને લીધે બીજા વિદ્યાર્થીઓ હેબતાઇ ગયા. એ મૂર્ખામી ન કરવા વારવા લાગ્યા. સત્યવ્રતજી ન માન્યા એટલે વિદ્યાર્થીઓ આચાર્ય મયાશંકરજી પાસે દોડી ગયા. પોતાનો દિકરો અકસ્માતના મોંમા આવી ગયો હોય અને તે સમાચાર જાણતાં પિતા હફળાફાંફળા દોડે તેમ મયાશંકરજી દોડ્યા અને 'સત્યવ્રત ! સત્યવ્રત...!' ની બૂમો પાડતાં એમનો સાદ ફાટી ગયો ! સત્યવ્રતનું સાહસ તે વખતે સફળ નીવડ્યું હતું અને કોઇપણ ઇજા પામ્યા વિના એ કૂવામાં ભૂસકો મારી બહાર આવ્યા હતા એટલે મયાશંકરજીની સામે જઇ એમણે નમસ્કાર કર્યા. પિતા દીકરાને છાતીએ ચાંપી દે તેમ એમણે એમને છાતીએ વળગાડી દીધો અને પ્રભૂકૃપાએ દીકરો ઉગારી ગયાના હર્ષમાં એમની આંખોમાંથી અશ્રુધારા વહી રહીને સત્યવ્રતજીનું માથું ભીંજવી રહી!

શ્રી સત્યવ્રતજી ગદ્દગદ્ થતાં કહે છેઃ 'આ મારા ગુરૂદેવ ! મારા જીવનના એ અવિવેકી સાહસનો મને આવો અલભ્ય બદલો મળ્યો, તે માટે આજે પણ હું એ સાહસ વખોડતા નથી !'

પ્રજામાનસ ચમત્કારોથી અંજાવા ટેવાઇ ગયું છે તેથી એમાં ઘેલું બની એ ચમત્કાર પાછળ દોડતું જોવા મળે છે. પરંતુ ચમત્કારને સમજવા એ ભાગ્યે પ્રયત્ન કરતું હોય છે. ગાંધીજી અને મહાદેવભાઇ વચ્ચે ચમત્કારની વાત નીકળતાં મહાત્માજીએ કહ્યું હતું. - 'હું પણ ક્યાં ચમત્કાર નથી કરતો ?' મહાદેવભાઇ એ આશ્ચર્ય પામતાં પૂછ્યું હતું - 'તમે વળી ક્યારે ચમત્કાર કરો છો ?' ચમત્કારનો પોતાનો ખ્યાલ આપતાં મહાત્માજીએ કહ્યું હતું - 'આપણે કલ્પ્યું પણ ન હોય તેવું કામ ઈશ્વર આપણી પાસે કરાવે તેનું નામ ચમત્કાર !'

આ અર્થમાં મયાશંકરજીનું જીવન પણ મોટો ચમત્કાર છે. દોરી - લોટો લઇને ગયેલો માણસ મુંબઇમાં લાખોપતિ બન્યાનું તો નવાઇ ભર્યું નથી, પણ માણસ રોટલો રળવા મુંબઇ જાય અને રસોયા તરીકે ખાધા પેટે નોકરી શરૂ કરે અને તેમાંથી દર્શનાચાર્ય સુધીનો વિદ્વાન થાય, આચાર્ય બને અને ઋષિ બને, તે શું જેવો-તેવો ઈશ્વરનો ચમત્કાર ગણાય ?

સૌરાષ્ટ્રના લાઠી શહેરમાં રહેતું બ્રાહ્મણ કુટુબ દાદાના વખતમાં પાલીતાણાના નાનકડા પાંચપીપળી ગામમાં આવીને વસ્યું. મયાશંકરે પ્રાથમિક છ ધોરણ શિક્ષણ લીધેલું અને બ્રાહ્મણ કુટુંબના વારસામાં થોડોક મૌખિક વેદનો પાઠ, સંસ્કૃત સ્તોત્ર અને કર્મકાંડ મળ્યાં હતાં. બાળલગ્નનો જમાનો એટલે પંદરમે વર્ષે લગ્ન થયું અને નબળી આર્થિક સ્થિતિમાં કમાવાની જરૂર ઊભી થઇ. મયાશંકરજીને કમાવા માટે મુંબઇ ગયા પણ એમની કમાણી બીજા કરતાં જુદા પ્રકારની હતી એટલે બ્રાહ્મણના દીકરાને સંસ્કૃત આવડતું હશે તો કંઇક રોટલો રળી ખવાશે. માની રસોઇની નોકરી સાથે સાથે એ જી.ટી. સંસ્કૃત પાઠશાળામાં દાખલ થયા. ભણવું હતું પેટ માટે, પણ ભણવામાં કંઇક જુદા જ પ્રકારનો રસ પડવા માંડ્યો અને તેમાં એમની સુંદર પ્રગતિ જોઇ પાઠશાળાના શાસ્ત્રીએ રસોઇની નોકરી છોડાવી દઇ જમવાની સગવડ કરી આપી. એમાંથી એક મિત્ર આર્યસમાજમાં સમર્થ પંડિત બાલકૃષ્ણ શર્મા પાસે એમને લઇ ગયો. સમર્થ તાર્કિક પંડિતશ્રેષ્ઠ બાલકૃષ્ણ શર્મા એ ઇટાવા નિવાસી પં. ભીમસેન શર્માના શિષ્ય હતાં. એ પં. ભીમસેનજી મહર્ષિ દયાનંદના શિષ્ય હતાં. આમ સ્વામી દયાનંદની શિષ્યપરંપરામાં મયાશંકરજી, પં. બાલકૃષ્ણજીના શિષ્ય થયા અને તેમની પાસે અષ્ટાધ્યાયી, મહાભાષ્ય વગેરે ભણવાની, આર્યસમાજમાં રહેવાની, જમવાની સર્વ સગવડ મળી ગઇ. ભણવામાં એટલી તન્મયતા લાગી કે પોતે મુંબઇ કમાણી કરવા આવ્યા હતાં અને પોતાને માથે પત્ની સહિત પિતા-ભાઇઓના કુટુંબની જવાબદારી હતી એ જ ભૂલી ગયા ! અને પિતાને અને બીજાને મયાશંકરની લાગણીહીનતા માટે દુઃખ અને અણગમો પણ થયો, બીજી બાજુ મયાશંકરજીનું આખું માનસ પલટાઇ રહ્યું હતું. સનાતની બ્રાહ્મણના સંસ્કારોને સ્થાને આર્યસમાજનું વાતાવરણ છવાયું હતું. ઉત્તર હિંદુસ્તાન અને પંજાબમાંથી આર્યસમાજના પંડિતો આવતા હતા અને તેમની સમક્ષ જ્ઞાનની વિશાળ દુનિયા ઊઘડતી જતી હતી, તેથી એમને એમ જ લાગતું હતું કે પોતે જાણે કોઇ સ્વર્ગભૂમિમાં છે! સ્વામી દયાનંદજીનું જીવનચરિત્ર અને એમના ગ્રંથો તેમને કંઇક નવીન પ્રેરણા આપી રહ્યાં હતાં. સ્વામીજીની માફક જ્ઞાનની શોધમાં પગે ચાલીને ઉત્તરમાં જવા ઝંખના સતાવી રહી હતી અને બીજી તરફ ઘરેથી પિતાજીના પત્ર આવવા શરૂ થયા કે હવે તું તારી સ્ત્રીને તેડી જા!

(ક્રમશઃ)

॥ ओ३म् ॥

# वानप्रस्थ साधक आश्रम

Vaanprasth Saadhak Aashram

योगादेव तु कैवल्यम्

( साधना, स्वाध्याय, सेवा तथा वैदिक विद्वान, वानप्रस्थियों एवं संन्यासियों के निर्माण हेतु भव्य परियोजना )

आर्य वन, रोजड़, पत्रा. : सागपुर, जि. साबरकांठा-३८३ ३०७, गुजरात, भारत

Aaryavan, Rojad, Po. : Sagapur, Dist. : Sabarkantha-383 307, Gujarat, India

ट्रस्ट रजिस्ट्रेशन क्रमांक ई-२०३२/सा.कां.

दिनांक : २७/०४/२०१४

## उपनिषद् तथा वेदान्त दर्शन अध्ययन का स्वर्णिम अवसर

अध्यात्म जगत् में उपनिषद् एवं वेदान्तदर्शन ग्रन्थ का महत्वपूर्ण स्थान है। उप = समीप, नि = निश्चय से, षद् = बैठना। उपनिषद् का अर्थ हुआ आत्मा परमात्मा के समीप बैठने = जानने की विद्या। प्रत्येक उपनिषद् में आत्मा-परमात्मा के विषय में विशेष चर्चा के साथ-साथ मनुष्य जीवन का लक्ष्य, उद्देश्य, उस लक्ष्य की प्राप्ति के उपाय, विधि-विधान, साधक-बाधकों की विस्तृत चर्चा, योगी के लक्षण (आचरण) अध्यात्म-साधना (योगाभ्यास) का महान् लाभ अध्यात्म रहित का परिणाम आदि का वर्णन है, जिसको पढ़कर अध्यात्म पिपासु आनन्द से गद्गद हो जाता है।

वैसे ही वेदान्तदर्शन में ब्रह्म (परमात्मा) का महत्व तथा उसके विशेष नाम व गुणों की व्याख्या के साथ-साथ मोक्ष का महत्व व विवरण है। वेदान्त (वेद + अन्त) वेदों का सार कहा जाता है।

वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड़ में पिछले एक वर्ष से शिक्षा अष्टाध्यायी, व्याकरण आदि वेदाङ्ग एवं योगदर्शन, न्यायदर्शन आदि उपाङ्गों का अध्ययन-अध्यापन ऋषि प्रणाली से चल रहे हैं। इसी शृंखला में आध्यात्मिक उन्नति का अनुपम तथा साधना के रहस्यमय ग्रन्थ ग्यारह उपनिषद् एवं तत्पश्चात् सम्पूर्ण वेदान्तदर्शन (ब्रह्मसूत्र) का ऋषि पद्धति से वेदानुकूल व्याख्या सहित नियमितरूप से स्वामी मुक्तानन्द परिव्राजक (व्याकरणाचार्य, दर्शनाचार्य) द्वारा वानप्रस्थ साधक आश्रम में आगामी आषाढ पूर्णिमा (१२ जुलाई २०१४) से अध्यापन कराया जाएगा।

इन ११ उपनिषदों व वेदान्तदर्शन अध्ययन में लगभग ८-९ मास लगेंगे। इसके साथ-साथ प्रतिदिन सन्ध्या, हवन, आत्मनिरीक्षण, समय-समय पर अनेक मूर्द्धन्य विद्वानों के दार्शनिक प्रवचन एवं योगनिष्ठ गुरुवर्य पूज्य स्वामी सत्यपति जी का सान्निध्य, प्रेरणा व उपदेश भी प्राप्त होगा। संस्कृत से अनभिज्ञ विद्यार्थियों को साथ-साथ संस्कृत पढ़ाने की व्यवस्था भी रहेगी। अधिकतम दश (प्रथम आवेदन के आधार पर) विद्यार्थियों को अवसर प्राप्त होगा। गुरुकुलीय दिनचर्या, पूर्ण अनुशासन, योगाभ्यास व आध्यात्मिक ग्रन्थ अध्ययन में रुचि रखने वाले विद्यार्थी अपना पूर्ण परिचय, नाम, आयु, पता, दूरभाष संख्या, शैक्षणिक योग्यता आदि vaanaprastharojad@gmail.com पर ३० जून तक भेजें अथवा व्यवस्थापक, वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड़, पो.सागपुर, जि.साबरकांठा, गुजरात-३८३३०७ पर पत्रव्यवहार करें। सायं ०७:३० से ०८:०० बजे +91 94 26 408026 में सम्पर्क करें।

व्यवस्थापक
वानप्रस्थ साधक आश्रम
आर्यवन, रोजड़, गुजरात.

TEL : +91(02770) 287417, 291496, 291555, 291717 • EMAIL : vaanaprastharojad@gmail.com • WEBSITE : www.vaanaprastharojad.org

સ્થાન સૌજન્ય : સર્વોદય સેવા

# જ્યારે વ્યક્તિ મૃત્યુ અને ન્યાયકારી ઈશ્વરનો સતત અનુભવ કરે છે ત્યારે ધાર્મિક, વિદ્વાન અને ઈશ્વર ભક્ત બને છે

## સત્યોપદેશ - ૨

ઉપદેશક - સ્વામી સત્યપતિજી

અનુ.- જયાબેન પોરિયા (યુકે)

૦૫



૩૯. સંન્યાસી સર્વ પ્રાણીઓને અભય પ્રદાન કરે છે અર્થાત્ બધાની સામે સ્પષ્ટ કહે છે કે હું કોઈની સાથે રાગ-દ્વેષ, પક્ષપાત વગેરે નહીં કરું, મન-વચન-કર્મથી એક જેવો વ્યવહાર કરીશ. તેના માટે બધી લૌકિક પ્રવૃત્તિઓ સમાપ્ત કરવી આવશ્યક છે. જે સ્થિતિ આવશ્યક છે, તે ઈશ્વર સાથે સદા જોડાઈને રહેવાથી થઈ શકે છે.

૪૦. સર્વસ્વ જાણનારા તો કેવળ ઈશ્વર જ છે. તે જ ન્યાયાનુસાર બધાને ફળ પણ આપે છે. આ પ્રકારે જાણવા સમજવાથી મનુષ્ય ઈશ્વર તરફ વધારે આકર્ષિત થાય છે અને સંસારથી તેની પ્રવૃત્તિઓ હટે છે. તે જ રીતે સમસ્ત સાંસારિક જડ-ચેતન વસ્તુઓમાં સમજવું જોઈએ.

૪૧. જે સમયે વ્યક્તિ અંતર્મુખ થઈને ઈશ્વર સાથે જોડાય છે તે સમયે જે જ્ઞાન, સુખ-શાંતિ, પવિત્રતા મળે છે, તે ઈશ્વરને છોડીને ક્યારેય મળતી નથી. અંતર્મુખ થવાથી બહારની સાંસારિક વૃત્તિઓને ઉઠાવવાની ઈચ્છા થતી નથી, એષણાઓ પ્રેરિત કરતી નથી, મનોનિયંત્રણ રહે છે, તેથી આ ગ્રહણ કરવા યોગ્ય છે. તેનાથી વિરૂદ્ધનું જે છે તે ત્યાજ્ય છે.

**ઉપાસના**

૧. વ્યક્તિ જ્યારે વિચારે છે કે કેવી રીતે હું આ પરિતાપોથી છુટી જાઉ ? એનો શો ઉપાય છે ? ઉપાય હોય તો પછી તેને અપનાવવો જોઈએ. ઉપાય છે- એક ક્ષણ પણ વ્યક્તિ જ્ઞાન-કર્મ-ઉપાસનાથી રહિત રહી શકતો નથી. તેથી ઈશ્વર, જીવ અને પ્રકૃતિ-વિકૃતિ વગેરેમાંથી કોઈ એક ની ઉપાસના અવશ્ય કરશે. નિદ્રાકાળને છોડીને શેષ જાગૃત અને સ્વપ્ન અવસ્થામાં પણ આ જ સ્થિતિ રહેશે. તેમાં ઈશ્વરની ઉપાસના અને બીજાની ઉપાસનામાં અંતર એ છે કે ઈશ્વરની ઉપાસના કરવી છોડીને બીજા કોઈ પણ પદાર્થની ઉપાસના કરવાથી કામ, ક્રોધ વગેરે પરિતાપ સતાવતાં રહે , પછી ભલે કેટલોય પણ પ્રયાસ કે ન કરે, પૂર્ણરીતે તેનાથી છુટી શકતો નથી. પરંતુ ઈશ્વરની ઉપાસના કરતી વખતે વ્યથા તેને સતાવતી નથી. આ પ્રકારે શોધ કરતાં રહી ઈશ્વર પાસે સહાયતા માંગે છે. તેને લાગે છે કે જ્યારે જ્યારે હું ઈશ્વરોપાસના છોડી દઉ છું ત્યારે ત્યારે એ એષણાઓ મને દુઃખી કરે છ, તો હવેથી હું નિશ્ચય કરું છું કે ક્યારેય પણ ઈશ્વરોપાસના છોડીશ નહીં. તે હંમેશા પોતાનું પરીક્ષણ કરતો રહે છે કે ક્યાંય ઈશ્વર સાથેનો સંબંધ તો નથી તોડી દીધોને ? પૂર્ણ પુરુષાર્થથી ઈશ્વર સાથે જોડાઈને રહેવાનો પ્રયાસ કરે છે. જેવી રીતે મેળામાં મિઠાઈની ઘણી બધી દુકાનો હોય છે. એક બાળક વારંવાર જ્યાં ત્યાં જોતો રહે છે. પરંતુ જ્યારે તેને એક લાડવો આપી દેવામાં આવે છે ત્યારે તે જ્યાં ત્યાં જોવાનું અને જવાનું બંધ કરી દે છે. એવી જ રીતે ઈશ્વર રૂપી લાડવો મળી જાય તો અન્ય વસ્તુઓ તરફ જોવાનું બંધ થઈ જશે.

૨. ઈશ્વરને એક પણ ક્ષણ ભૂલીને મનુષ્ય પાપથી, અધર્મથી, બચી શકતો નથી, તેથી સદાય ઈશ્વરની ઉપાસના માં સંલગ્ન રહેવું જોઈએ. ઉતાસના કાળમાં એ નિયમ બનાવી લેવો જોઈએ કે હું આત્મા સ્વયંની ઈચ્છા, પ્રયત્ન પર પૂર્ણ નિયંત્રણ રાખીશ, એક વિષયમાં જ મનને લગાવીશ. આ પ્રકારે વ્યવહારમાં અભ્યાસ કરવાથી ધીરે-ધીરે આત્મા એકાગ્ર થઈને એક સમયમાં પોતાની ઈચ્છાનુસાર એક જ વિષયને ઉઠાવવામાં સમર્થ થઈ જાય છે. અન્યથા તેમાં પણ અનેક સ્તર બતા રહે છે, જેવા કે,

(ક) વિષયાંતરમાં જાય તે પહેલા પહેલેથી જ મનને રોકવું.

(ખ) વિષયાંતરમાં જાય ત્યારે જ મનને રોકવું.

(ગ) વિષયાંતરમાં ગયા પછી લાંબા કાળપછી મનને રોકવું.

૩. યોગમાં રહેવું અને ન રહેવું, આ બંને વિપરીત અલગ-અલગ રસ્તા છે. યોગ સાધનાર સ્વયંને નિરૂદ્ધ-અવસ્થામાં અવિદ્યા, સાંસારિક બંધનો, દુઃખોથી મુક્ત જુએ છે. ક્યારેક રોગ વગેરે અનેક કારણોથી તેની સ્થિતિ નીચે જતી રહે છે અને તે ક્ષિપ્ત વગેરે અવસ્થાઓથી યુક્ત, વિદ્યુતની જેમ કાર્ય કરનારા મનથી યોગ માર્ગથી છૂટી જઈ લૌકિક બની જાય છે. પરંતુ જેણે વારંવાર અભ્યાસ કરીને દ્રઢ સ્થિતિ બનાવી લીધી છે તે ફરી પુરુષાર્થ કરીને પોતાની સ્થિતિને સંપાદિત કરી લે છે. જેનો વિવેક-વૈરાગ્ય અભ્યાસ ઉંચો નથી હોતો તે યોગ માર્ગથી હટી પણ શકે છે

૪. જ્યારે વ્યક્તિ જુદી જુદી યોનિઓના જીવોને જુએ છે કે તે કેટલા અજ્ઞાન અંધકારમાં પડયા છે ? કેવા દુઃખ ઉઠાવી રહ્યા છે ? કોઈ તેની રક્ષા કરનાર નથી હોતું, કોઈ ફરિયાદ સાંભળનાર નથી હોતું, ત્યારે મનુષ્ય આ પ્રકારે ઈશ્વરીય ન્યાય વ્યવસ્થા જોઈને પછી અધર્મ, અન્યાય કરતો નથી અને આસ્તિક રહે છે

૫. જ્યારે વ્યક્તિ મૃત્યુ અને ન્યાયકારી ઈશ્વરનો સતત અનુભવ કરે છે ત્યારે ધાર્મિક, વિદ્વાન અને ઈશ્વર ભક્ત બને છે. જો એવો અનુભવ ન કરે તો અધાર્મિક, અવિદ્વાન અને નાસ્તિક બને છે. યજુર્વેદ ૩૫/૪માં કહ્યું છે -

**અશ્વત્થેવો નિષદનં પાર્ણ વો વસ્તિષ્કુતા ।**
**ગોભાજ્ઈ ત્કિલાસથ યત્સનવથ પુરુષમ્ ।।**

હે મનુષ્ય ! આ તારું શરીર કાલે રહેશે કે નહિં એ કંઈ નિશ્ચિત નથી. પાંદડા પર રહેલ ઝાકળના બિંદુ જેવું તારુ જીવન છે. એ બિંદુ જરાક પવનનો ઝોક આવે અને ખરી પડે તેમ તારું જીવન ક્યારે ખરી પડશે તે ખબર પણ નહિં પડે. તેથી તારું જીવન જરી પડે તે પહેલાં ઈશ્વરને પ્રાપ્ત કરવાની ઈચ્છા કરી તેને પ્રાપ્ત કરી લે.

(ક્રમશઃ)

# સુખનું સરનામું

## ચંદ્રેશ ચિંતન

(૪)- ચંદ્રેશ આર્ય, ગાંધીધામ



આ મજાનું શિક્ષણ આપતા વડીલો અને અનુભવી વૃદ્ધો હવે આપણા સમાજને ભારરૂપ લાગે છે. શક્ય છે કે સુનંદા અને કાર્લ અનુભવી વૃદ્ધોનો આ બાબતમાં આશરો લીધો હોત તો જીવનમાં ખાલીપણું દુર થઈ શક્યું હોત અને મજાના માર્ગો પણ મળી ગયા હોત. રાતોરાત જલ્દી કરોડપતિ બનવાના પાઠો કોલેજોમાં શીખવાડવામાં આવેછે, પરંતુ જીવનમાં ક્યારેક આવતા ખાલીપણાને કેમ દૂર કરવો એ પાઠોની વાત જ નથી. પૈસો અને પદાર્થોની સાથે જીવનમાં વડીલો અને અનુભવી વૃદ્ધોને પણ બરાબર સાચવી રાખવા જોઈએ. જેથી એમના ક્રિયાત્મક જીવનના અનુભવોથી આજની પેઢી ઘણું બધું શીખી શકે તેમ છે. મનુષ્ય જન્મની સફરથી મૃત્યુની મંજીલ સુધી સુખ મેળવવા કરતાં સુખનું સરનામું જ લઈ સુખ શોધવામાં જ જીવન વેડફી નાંખે છે. જે માનવી પાસે સુખનું સરનામું જ ખોટું હોય તો સાચા સુખ સુધી એ ક્યારે પણ પહોંચી શકે નહીં. માટે માનવી જીવનમાં સાચા સુખની શોધ પહેલાં સુખનું સરનામું સાચું છે કે નહિં તેની ખાતરી કરી લેવી સૌ માટે હિતાવહ છે. નહીં તો ખોટા સરનામા સાથે જીવનમાં ભટકતું રહેવું પડશે. સાચા સુખના સરનામાં બતાવવા વાળા સાચા સંતો પણ સમાજમાં ઓછા જોવા મળે છે. અમુક સંતો સ્વયં સાદગી, સંયમ અને સરળતા મૂકીને ભૌતિકવાદના ભાર વચ્ચે ભવ્ય આશ્રમોમાં સ્થાપિત થતાં જાય છે. ત્યારે સમાજના માનવીઓને સાચી સમજણ અને શિખામણ કોણ આપશે ? એંસી આશ્રમોમાં ઠાઠથી રહેતાં સંતો ભૌતિક ઐશ્વર્યથી લોકને દૂર રહેવાની સોહામણી શિખામણો આપતાં હોય છે જે કેટલે અંશે વ્યાજબી છે ? વૈરાગ્યની વ્યવસ્થિત વાતો કરનારા સંન્યાસીઓ ભવ્ય વિવાહ સમારોહમાં શાનથી ઉપસ્થિત રહી લોકોને વૈભવથી દૂર રહેવા શીખામણો આપે છે. આમાં આધ્યાત્મિકતાનું ખુલ્લું આડંબર જ દેખાઈ આવે છે. આધ્યાત્મિકતાનું આડંબર જ માનવ સમાજને સાચા સુખથી અને વાસ્તવિક ધર્મથી દૂર રાખે છે. વર્તમાન સમાજમાં અરાજકતાના અંબરો વચ્ચે આશ્રમોની સંખ્યા વધતી જાય છે જ ખરેખર સમાજ માટે ચિંતાનો મુખ્ય વિષય છે. સમાજમાં આધ્યાત્મિકતાનો ઓપ વધતો દેખાય છે. (અમુક લોકો) અને સાથે સાથે આત્મહત્યાઓ પણ વધતી જાય છે. જે ખરેખર વિરોધાભાસી કિસ્સાઓ છે. જો ખરેખર સાચી અને વાસ્તવિક આધ્યાત્મિકતા વધતી હોય તો આત્મહત્યાઓનું પ્રમાણપ ઘટવું જોઈએ. પણ આવું નથી.

જે માનવ સમાજ સાચા સુખની અભિલાષા રાખે છે તેણે સાચા સુખના સરનામા માટે સમજણ, સમર્પણ, વિશ્વાસ અને પ્રેમના પરબીડિયા પર સત્યની સાહીથી સરનામા લખવા પડશે. આ વૈદિક સત્યને સ્વીકારવા માટે અંતઃકરણની આંખો ખોલેને આત્મ નિરીક્ષણ કરવું પડશે. આ વૈદિક સત્યને સમજવા એન સ્વીકારવા તથા અંતઃકરણની આંખોને ખોલવા માટે વૈદિક દર્શનોના અધ્યયન માટે અમૂક દિવસો ફાળવવા પડશે. ત્યારે જ માનવી સાચા સુખના સરનામાં પર પગ માંડશે.

**"નથી પહોંચી શક્યો કેમ ? એક માનવ બીજા માનવ સુધી, પહોંચી ગયો માનવ ચંદ્ર સુધી."**

**" છે યંત્રો અને યાન માનવ પાસે, પહોંચવા મંગળ સુધી, નથી પહોંચાયું હજુ કેમ ? મુંગળ થાય માનવ થી માનવનું એવા મંત્રો (વૈદિક વિચાર) સુધી."**

(સંપૂર્ણ)

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અરવિંદ કે રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ જી.આઈ.ડી.સી., સેક્ટર - ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર - ૨૧, ગાંધીનગર -૩૮૨૦૨૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. ફોન (૦૭૯)૨૩૨૧૦૦૭૧ ઈ-મેઈલ : agnipathgnr@gmail.com

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS G.I.D.C., SECTOR - 28, GANDHINAGAR. PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR - 21, GNADHINAGAR - 382021 PHONE : (079) 23210071. E-MAIL : agnipathgnr@gmail.com